# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા યુનિયન બજેટ ૨૦૨૪-૨૫ ને સરળ રીતે સમજવા માટે જગવિખ્યાત કરવેરા સલાહકારશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું... જેમાં બહોળી સંખ્યામાં સભ્યશ્રીઓ જોડાયેલ હતા.**

કેન્દ્રના નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા જાહેર કરાયેલ યુનિયન બજેટ ૨૦૨૪-૨૫ અંગે સંપુર્ણ જાણકારી વેપાર-ઉધોગકારો તથા આમપ્રજાને મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ સંસ્થાઓને સાથે રાખી જગવિખ્યાત કરવેરા સલાહકાર, પ્રખરલેખક તથા વકતાશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય કાર્યક્રમનું ઓનલાઈન આયોજન કરવામાં આવેલ અને રાજકોટ ચેમ્બરના હોલમાં આ કાર્યક્રમને નિહાળવા માટે વ્યવસ્થા કરવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બરના હોદેદારો, કારોબારી સભ્યઓ, વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ અને બહોળી સંખ્યામાં સભ્યશ્રીઓ ઓનલાઈન જોડાયેલ હતા.

કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી. પી. વૈષ્ણવએ મુખ્ય વકતાશ્રી મુકેશભાઈ પટેલ તથા સૌ સભ્યોશ્રીઓને આવકારી રાજકોટ ચેમ્બરની વર્ષોની પ્રણાલી મુજબ બજેટ અંગેના વકતવ્ય કાર્યક્રમનું આયોજન કરવા માટે શ્રી મુકેશભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરીને નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪-૨૫ માટે રજુ કરેલ બજેટમાં વેપાર-ઉધોગકારો અને આમપ્રજા ઉપર કેવી અસર રહેશે અને કેટલા લાભો મળવાપાત્ર થયા છે તેની વિસ્તૃત જાણકારી સૌને મળી રહે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરેલ છે.

કાર્યક્રમમાં ઓનલાઈન જોડાયેલ શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા પોતાની આગવી શૈલીમાં બજેટનું વિશ્લેષણ કરતા દેશ આજે વિકસિત ભારત તરફ આગળ વધી રહયું છે તે આપણા માટે ગૌરવની વાત કહેવાય. આ બજેટમાં આ વખતે આવકવેરામાં જુના સ્લેબની સાથે નવા સ્લેબમાં જે ફેરફાર કરવામાં આવ્યા છે તેની વિસ્તૃત જાણ કરી સેલેરાઈડ એમ્પલોયને સ્ટાન્ડડ ડિડકશન ૫૦ હજારથી વધારી ૭૫ હજાર કરવામાં આવેલ, કેપિટલ ગેઈનમાં બે હોલ્ડીંગ પીરીયડમાં ચેન્જ કરેલ છે માત્ર ૧૨ અને ૨૪ મહિનાનો પિરીયડ રાખવામાં આવેલ છે., લોન્ગ ટર્મ કેપીટલ ગેઈન અને શોર્ટ ટર્મ કેપપીટલ ગેઈનમાં ઈકવીટી અને મ્યુચ્યુઅલ ફંડમાં નફા ઉપર ટેક્ષમાં જે ફેરફારો કરવામાં આવેલ છે તે અંગે, TDS અંતર્ગત વિવિધ વસ્તુઓ પર ઘટાડવામાં આવેલ રેટ અંગે જાણકારી આપી આ નવા રેટ તા.૧-૧૦-૨૦૨૪ થી લાગુ થશે. તેમજ TDS માં નવી સેકશન ૧૯૪ટી ઉમેરાયેલ છે જેનો અમલ તા.૧-૪-૨૦૨૫ થી કરવામાં આવશે જેમાં પાર્ટનરોને વિવિધ લાભો મળે છે તેના પર કપાત થતા TDS ના સ્લેબમાં ફેરફાર અંગે, જોઈન્ટ હોલ્ડર હોય કે ન હોય ૫૦ લાખની પ્રોપર્ટી ઉપર ૧% TDS કાપવાનો રહેશે અને પુરૂ પેમેન્ટ ચુકવવાનું રહેશે. TCS અંતર્ગત ઈન્ડીવિડયુઅલનો ૧% TCS કપાયેલ હોય તો તે રીટર્નમાં બાદ મળશે.

હવેથી કોઈપણ રેસીડેન્ટ કે કોમર્શીયલ પ્રોપર્ટીનું વહેંચાણ થાય અને તે પ્રોપર્ટીની ખરીદી જો ૧-૪-૨૦૦૧

પહેલાની જ હોય તેવી પ્રોપર્ટી વહેંચતા ઈન્ડેકશેશન જુના મુજબ બાદ મળશે., એસેસમેન્ટ-રીએસેસમેન્ટના કેસો હાલ ૧૦ વર્ષ સુધીના ખોલાવામાં આવતા હતા તેની લીમીટ ઘટાડી ૫ વર્ષની કરાયેલ છે., નવી વિવિદ સે વિશ્વાસ સ્કીમ ૨૦૨૪ અંગે, ઈઝ ઓફ ડુંઇગ બિઝનેશ અંગે, MSME એકમો માટે અનેક રાહતો અંગે વિગેરે મુદાઓ પર બજેટ અંગે વિસ્તૃત છણાવટ કરેલ. ત્યારબાદ ઉપસ્થિત શ્રોતાગણો તરફથી બજેટ સંદર્ભે પુછાયેલ પ્રશ્નોના શ્રી મુકેશભાઈએ વિગતવાર જવાબો આપી જરૂરી માગદર્શન આપેલ.

વધુમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, ખાસ ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ 43B(h) અંગે MSME ને જે મુશ્કેલીઓ પડી રહી છે તે બાબતે યોગ્ય નિરાકરણ લાવવા સરકારશ્રીને વારંવાર રજુઆત કરવામાં આવેલ છે. સાથો સાથ આ બજેટમાં TDS, TCS, લોન્ગ ટર્મ અને શોર્ટ ટર્મ કેપિટલ ગેઇન, ઈન્ડેકશેશન વિગેરે બાબતોમાં જે વિસંગતતાઓ છે તો તેનું પણ યોગ્ય નિરાકરણ લાવવા સરકારશ્રી સમક્ષ ધ્યાન દોરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓનો આભાર વ્યકત તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.